# બારડોલી સુગર ફેક્ટરીની વોટિંગ પેટર્ન અને મતદાર યાદી સામેના તમામ વાંધા ફગાવાયા

**હાઈકોર્ટના** ચુકાદાઓ અને ૧૯૯૦ના પેટા નિયમોનો હવાલો આપી ૧૧ જૂથની મતદાર યાદી યોગ્ય ઠેરવતા નાયબ કલેક્ટર જીજ્ઞા પરમાર

બારડોલી: 'શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડ, બાબેન-બારડોલી'ની આગામી વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી અગાઉ મતદાર યાદી અને વોટીંગ પેટર્નને લઈને મોટો નિર્ણય આવ્યો છે. બારડોલી પ્રાંતના ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર જીજ્ઞા પરમારે કાયદાકીય જોગવાઈઓ અને મંડળીના મંજૂર પેટા કાયદાને આધારે તમામ વાંધા અરજીઓ અગ્રાહ્ય ગણીને નામંજૂર કરી દીધી છે. આ મામલે અરજદારો દ્વારા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

ચૂંટણી જાહેર થતાં સ્વાતિબેન પિનલકુમાર પટેલ, સુનીલભાઈ ઈશ્વરભાઈ પટેલ, મહેશભાઈ સી. પટેલ, પરેશકુમાર કે. પટેલ, મહેશભાઈ મંગુભાઈ પટેલ અને નેહલ જીતેશકુમાર મહીડા દ્વારા ચૂંટણી અધિકારી સમક્ષ વાંધા અરજી રજૂ કરી હતી. તેમની મુખ્ય માંગણી હતી કે એક વિસ્તારનો મતદાર બીજા વિસ્તારના ઉમેદવારને મત આપી શકે નહીં અને હાઈકોર્ટના ચુકાદાઓ મુજબ ઝોનવાઈઝ અલગ મતદાર યાદી તૈયાર થવી જોઈએ અને આ ઉપરાંત સમગ્ર મંડળીના સભાસદો તમામ ૧૧ જૂથના ઉમેદવારોને મત આપે તે પદ્ધતિ બંધ કરી માત્ર પોતપોતાના ઝોન પૂરતું જ મતદાન કરાવવાની પણ માંગ કરવામાં આવી હતી.

મંડળી વતી રજૂ કરાયેલા લેખિત ખુલાસામાં જણાવવામાં આવ્યું હતું કે, ૧૯૯૦માં ખાંડ નિયામક દ્વારા મંજૂર થયેલા પેટા કાયદાના નિયમ-૧૯ મુજબ મંડળીનું કાર્યક્ષેત્ર ૧૧ જૂથમાં વહેંચાયેલું છે. કામચલાઉ સંકલિત મતદાર યાદીથી કોઈ લાયક મતદાર વંચિત રહેતો નથી. 'ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની ચૂંટણી નિયમો-૧૯૮૨' ના નિયમ-૬ હેઠળ ચૂંટણી અધિકારી માત્ર વિગતોની ભૂલ સુધારી શકે છે, મંડળીના વર્ષો જૂના રજિસ્ટર્ડ પેટા કાયદા કે વોટીંગ પેટર્નમાં ફેરફાર કરી શકતા નથી. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર જીજ્ઞા પરમારે બંને પક્ષોની દલીલો અને કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ ૨૩ જુલાઈ ૨૦૨૬ના રોજ આદેશ કરતા સ્પષ્ટ કર્યું હતું કે, મંડળીના નિયમ-(૩-એ)(૮) મુજબ મતદાર મંડળની રચના થયેલી જ છે અને ૧૧ જૂથની યાદીઓ સંકલિત કરીને પ્રસિદ્ધ કરવામાં આવી છે. વાંધેદારો દ્વારા ૧૯૯૦ના પેટા કાયદા રદ થયા હોય તેવો કોઈ પુરાવો રજૂ કરાયો નથી. આથી નિયમ-૬(૪) મુજબ તમામ વાંધા અરજીઓ ગ્રાહ્ય રાખવાપાત્ર ન હોવાથી નામંજૂર કરવામાં આવે છે.

# દ.ગુ.ની સુગર મિલોની ચૂંટણીમાં ભાજપ મેન્ડેટ આપશે કે કેમ?

**સુમુલ** ડેરી બાદ સુગર મિલો પર વર્ચસ્વ જમાવવા રાજકીય ગણિત શરૂ

બારડોલી : દક્ષિણ ગુજરાતના સહકારી ક્ષેત્રમાં શીરમોર ગણાતી વિવિધ સહકારી સુગર મિલોની ચૂંટણીઓની ધીમે ધીમે જાહેરાત થતાં જ રાજકીય અને સહકારી માહોલ ગરમાયો છે. સુમુલ જેવી અગ્રણી સહકારી સંસ્થાઓમાં પોતાના ઉમેદવારો નક્કી કરવા માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા મેન્ડેટ આપવાની પ્રથા શરૂ કરવામાં આવી હતી. ત્યારે હવે સુગર મિલોની ચૂંટણીમાં પણ ભાજપ પક્ષીય ધોરણે ઉમેદવારો જાહેર કરશે કે કેમ તે બાબતે દક્ષિણ ગુજરાતના સહકારી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

પરંપરાગત રીતે દક્ષિણ ગુજરાતની સુગર ફેક્ટરીઓની ચૂંટણીમાં રાજકીય પક્ષોની સીધી દખલગીરી ઓછી જોવા મળતી હતી. અત્યાર સુધી ભાજપ, કોંગ્રેસ તેમજ અન્ય વિચારધારા ધરાવતા સ્થાનિક નેતાઓ કોઈ એક પક્ષના બેનર હેઠળ નહીં, પરંતુ સહકારી હિતોને ધ્યાન રાખીને એક જ પેનલમાંથી એકસાથે ચૂંટણી લડતા આવ્યા છે. સહકારી ક્ષેત્ર પર પોતાનો કબજો મજબૂત કરવાના ભાગરૂપે ભાજપે છેલ્લા કેટલાક સમયથી મેન્ડેટ પ્રથા દાખલ કરી છે. સુગર ફેક્ટરીઓમાં આ પદ્ધતિ લાગુ કરવામાં અગાઉ સંપૂર્ણ સફળતા મળી નથી, જેથી આ વખતે ભાજપ મેન્ડેટ લાવશે કે કેમ તે જોવું રસપ્રદ રહેશે.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલી પીપલ્સ કો-ઓપ. ક્રેડિટ સોસાયટીની ૧૬મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન



બારડોલી : બારડોલી પીપલ્સ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડની ૧૬મી વાર્ષિક સાધારણ સભા રાજપૂત સમાજ વાડી ખાતે સંસ્થાના પ્રમુખ રાકેશ ગાંધીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સભાની શરૂઆતમાં સંસ્થાના મંત્રી જેનીશભાઈ ભંડારીએ એજન્ડા મુજબના વિવિધ કાર્યો હાથ ધર્યા હતાં. બેઠકમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સભાસદોએ મંડળીની કામગીરી પ્રત્યે સંતોષ વ્યક્ત કરીને એજન્ડાના તમામ કામોને સર્વાનુમતે મંજૂરી આપી હતી. સમગ્ર સભાનું સંચાલન પીયૂષભાઇ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે કમિટી સભ્ય હસમુખભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.

### સજનવાવમાં જુગાર રમતા 10 પકડાયા, 1,44,760 મુદ્દામાલ કબજે

સાગબારા,ભરૂચ: નર્મદા એલસીબીની ટીમે સજનવાવ ગામે છાપો મારી જુગારના ધંધાનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે 10 આરોપીઓની ધરપકડ કરી રૂ. 1,44,760નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે પકડાયેલા આરોપીઓમાં વિનેશ મગનભાઈ વસાવા, રવીન્દ્ર મણિલાલભાઈ વસાવા, વીપુલ મનસુખભાઈ વસાવા,અશ્વિન ખાતરિયાભાઈ વસાવા, રાજેન્દ્ર હરિસિંગભાઈ વસાવા, સુરેશ કાલીદાસભાઈ વસાવા, ઝવેર નરસિંહભાઈ વસાવા, નરેશ ફતેસીંગભાઈ વસાવા, કીર્તિ પારસીંગભાઈ વસાવા (તમામ રહે: સજનવાવ, તા. ડેડિયાપાડા અને શૈલેષ ગંભીરભાઈ વસાવા (રહે: રોઝઘાટ, તા. ડેડિયાપાડા)નો સમાવેશ થાય છે. પકડાયેલાઓ પાસેથી અંગ ઝડતી અને રોકડા રકમ મળી રૂ. 11,000, દાવ પરના રોકડા રૂ. 3,760, 6 મોબાઈલ કિંમત રૂ.30,000, 2 મોટરસાઈકલ (કિંમત રૂ.1,00,000) મળીને કુલ રૂ.1,44,760 મત્તાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો ડેડિયાપાડા પોલીસમાં ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### અંકલેશ્વરની રંગ ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ દૂધધારા ડેરીની મુલાકાત લીધી



ભરૂચ: અંકલેશ્વરની રંગ ઇન્ટરનેશનલ સ્કૂલના ધો.11 અને 12ના સાયન્સ અને કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓએ ભરૂચ સ્થિત પ્રતિષ્ઠિત 'દૂધધારા ડેરી' (ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ)ની શૈક્ષણિક અને ઔદ્યોગિક મુલાકાત લીધી હતી. સાયન્સના વિદ્યાર્થીઓ માટે દૂધના પ્રોસેસિંગ, પાશ્ચરાઇઝેશન, ક્વોલિટી કંટ્રોલ, લેબોરેટરી ટેસ્ટિંગ તેમજ માખણ, ઘી, છાશ જેવી વિવિધ ડેરી પ્રોડક્ટ્સ બનાવવાની વૈજ્ઞાનિક તકનીકો વિશે વિગતે માહિતી આપવામાં આવી હતી. કોમર્સના વિદ્યાર્થીઓને સહકારી માળખું, સપ્લાય ચેઈન મેનેજમેન્ટ, ફાઇનાન્સ, માર્કેટિંગ, એકાઉન્ટિંગ અને ગ્રામીણ અર્થતંત્રમાં ડેરીના યોગદાન વિશે વ્યવસાયિક જ્ઞાન આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્યએ આ શૈક્ષણિક સહયોગ બદલ દૂધધારા ડેરીના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ, જનરલ મેનેજર પીયૂષભાઈ પટેલ અને સમગ્ર વ્યવસ્થાપક મંડળ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

### ભરૂચમાં રોંગ સાઈડમાં આવતી કારે બાઇકને ટક્કર મારતાં પિતા-પુત્રી ઘાયલ

ભરૂચ: ભરૂચના જીએનએફસી ટાઉનશિપ બ્રિજ પાસે રોંગ સાઇડ આવતી કારે બાઇકને ટક્કર મારતા પિતા-પુત્રી ગંભીર રીતે ઘાયલ થયા હતા. સુરતના હજીરા સ્થિત રિલાયન્સ કંપનીમાં કેમિસ્ટ તરીકે નોકરી કરતાં આશિષકુમાર પટેલ (રહે., એકદંત સોસાયટી, એએ09, વડદલા, ભરૂચ) ૧૧ વર્ષની પુત્રી નિષ્ઠાને લઈ મોટરસાઇકલ પર ઘર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન સામેથી રોંગ સાઈડમાં આવી રહેલી કારના ચાલકે તેમની બાઇક સાથે અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં આશિષકુમારને અને ૧૧ વર્ષની પુત્રી નિષ્ઠાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ કાર ચાલક પોતાની ગાડી ઘટના સ્થળે જ મૂકી નાસી છૂટ્યો હતો. પિતા-પુત્રીને ભરૂચની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. ભરૂચ શહેર 'સી' ડિવિઝન પોલીસે અજાણ્યા કારચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### કીમમાં ગટરમાંથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

કીમ: ઓલપાડ તાલુકાના કીમ ગામમાં શનિવારે ગટરના કાદવયુક્ત પાણીમાંથી એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, કીમ ગામે બાયની જીનની પાછળ આવેલા કાદવવાળા ગટરના પાણીમાં આશરે 45થી 50 વર્ષની વયના અજાણ્યા મુસ્લિમ પુરુષનો મૃતદેહ મળ્યો હતો. ઘટનાની જાણ થતાં કીમ પોલીસ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. મૃતકના શરીરે રાખોડી રંગનું ચેકવાળું શર્ટ તથા કમરે કાળા રંગનું ટ્રેક પેન્ટ પહેરેલું હતું. તેમજ તેના વાળ સફેદ-કાળા રંગના ટૂંકા હોવાનું નોંધાયું છે. પ્રાથમિક તપાસમાં ગટરના પાણીમાં ડૂબી જવાથી મોત થયું હોવાનું સામે આવ્યું છે.

### ધી પુરુષોત્તમ ફાર્મર્સ કોટન મંડળીએ 20 ટકા ડિવિડન્ડ જાહેર કર્યું




સાયણ: ધી પુરુષોત્તમ ફાર્મર્સ કો.ઓ.કોટન જીનિંગ એન્ડ પ્રેસિંગ સોસાયટી, જહાંગીરપુરાની ૯૨મી વાર્ષિક સાધારણ સભા ઓલપાડ જીન મુકામે ધારાસભ્ય મુકેશભાઇ પટેલની ઉપસ્થિતિમાં સંસ્થાના પ્રમુખ મનહરભાઈ કે.પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. આ સભામાં એજન્ડા મુજબના તમામ કામોની સર્વાનુમતે મંજૂરી બાદ ૨૦ ટકા ડિવિડન્ડ જાહેર કરાયું હતું. આ સભામાં સુરત શહેરના વરિયાવ ખાતે રહેતા ખેડૂત સભાસદની દીકરી સાહિદા સુલેમાને ધી પુરૂષોત્તમ ફાર્મર્સ મંડળીના વિષય ઉપર રિસર્ચ કરી પીએચ.ડી.ની ડિગ્રી મેળવતા તેમનું સન્માન ધારાસભ્ય મુકેશભાઇ પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ મનહર પટેલે વાર્ષિક અહેવાલ તથા હિસાબનું વાંચન કરતાં કહ્યું હતું કે, દેશની આઝાદી પૂર્વે તા-૦૫-૦૨-૧૯૩૪ના રોજ સ્વ.પુરુષોત્તમદાદા, સ્વ.પ્રમોદભાઇ દેસાઇ અને સ્વ.બાબુકાકા જેવા સહકારી આગેવાનોએ ખેડૂતોને શાહુકારોના ત્રાસથી બચાવવા સ્થાપેલી આ સંસ્થામાં હાલ ૪,૧૧૯ વ્યક્તિ સભાસદ તથા ૨૧ મંડળીઓ મળી કુલ ૪,૧૪૦ સભાસદ સંખ્યા છે અને સંસ્થાનું વાર્ષિક ટર્ન ઓવર રૂ. ૩૮૦.૨૩ કરોડ છે. મંડળીની કુલ આવક રૂ.૫.૩૯ કરોડમાંથી ખર્ચાઓ બાદ કરતાં મંડળીને વર્ષ અંતે રૂ.૧૩.૬૩ લાખ ચોખ્ખો નફો થયો છે. 'ઓડિટ વર્ગ-અ' મળેલ છે. મંડળીની કાયમી મિલકત રૂ.૨૩.૨૫ કરોડ, શેરભંડોળ રૂ.૨૯.૧૫ લાખ, રિઝર્વ ફંડ રૂ.૫૧.૧૭ લાખ, ઘસારા ફંડ રૂ.૧૨,૨૫ કરોડ તથા અન્ય ફંડો રૂા.૫૭.૩૨ કરોડ, કામકાજનું ભંડોળ રૂ.૭૫.૬૪ કરોડ જમા હોવાથી મંડળીની આર્થિક સ્થિતિ ખુબ મજબૂત છે. તેમણે જાહેરાત કરી હતી કે, ઓલપાડ સેન્ટરની નવી ઓફિસના ઉદ્ઘાટન સમયે સહકારી અગ્રણી સ્વ.પ્રમોદલાલ કનૈયાલાલ દેસાઇનું સ્ટેચ્યુ મૂકી અનાવરણ કરવામાં આવશે. આ સભામાં મંડળીના સભાસદો, ડિરેક્ટરો, સા.સુ.ફેક્ટરીના ચેરમેન રાકેશભાઇ પટેલ સહિત સહકારી અગ્રણીઓ હાજર રહ્યા હતાં. અંતમાં આભાર વિધિ સંસ્થાના ઉપપ્રમુખ અંકુર પટેલે કરી હતી.

# ભરૂચ-અંકલેશ્વર હાઈવે પર ફરી વિશાળકાય મગર દેખાયો

**વર્ષો** પછી મગર દેખાતા લોકો જોવા ઉમટી પડતાં ભીડ જામી



ભરૂચ: ભરૂચ-અંકલેશ્વર મુખ્ય માર્ગ પર આવેલી 'ભૂત મામાની ડેરી' નજીક રવિવારે સવારે એક વિશાળ મગર દેખાયો હતો. વર્ષો પછી આ વિસ્તારમાં મગરનો આ પુનરાગમન અણધાર્યો બનાવ છે. મગર જોવા માટે મોટી સંખ્યામાં સ્થાનિકો અને રાહદારીઓના ટોળા ઉમટી પડતાં વાહનવ્યવહારને અસર પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ વન વિભાગ અને સ્થાનિક તંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. અધિકારીઓએ લોકોને અપીલ કરી કે તેઓ મગરથી સુરક્ષિત અંતર જાળવે, ભીડ ન કરે અને કોઈપણ રીતે મગરને છેડછાડ ન કરે. મગરને કાબૂમાં લઈને નજીકની નદી કે જંગલ વિસ્તારમાં તેના કુદરતી નિવાસસ્થાનમાં મુક્ત કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. વર્ષો પહેલાં પણ આ જ વિસ્તારમાં મગર દેખાતા હોવાની ઘટના બની હતી. આજે ફરી મગર દેખાવાને કારણે 'ભૂત મામાની ડેરી'ની આસપાસ અજબ ચમત્કારનો માહોલ સર્જાયો છે. તંત્ર દ્વારા સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને માર્ગ પર વાહનવ્યવહાર સામાન્ય થઈ ગયો છે.

### લુવારા ગામના તળાવમાં મગર દેખાતા લોકોમાં ફફડાટ



ભરૂચ: ભરૂચ તાલુકાના લુવારા ગામના તળાવમાં એક મગર દેખાતાં ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. તળાવ પાસે અવરજવર કરતાં લોકો, પશુપાલકો અને પશુઓને પાણી પીવડાવવા લઈ જતાં ગ્રામજનો ભયભીત થયા છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તળાવ આસપાસ સાવચેતી રાખવા જણાવાયું છે. ગ્રામજનોએ આ અંગે તંત્ર અને વન વિભાગને જાણ કરી છે. તેમણે મગરને સુરક્ષિત રીતે પકડીને અન્ય સ્થળે ખસેડવાની માંગ કરી હતી.

### રખડતા ઢોરનો ત્રાસ: અંકલેશ્વરમાં આખલાના યુદ્ધમાં મહિલા ગંભીર ઇજાગ્રસ્ત, લોકોમાં ભય



અંકલેશ્વર: અંકલેશ્વર નોટિફાઈડના રહેણાંક વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી રખડતાં ઢોરોનો ત્રાસ ગંભીર બનતો જઈ રહ્યો છે. તાજેતરમાં બે આખલાઓ વચ્ચે થયેલા યુદ્ધ દરમિયાન રસ્તા પરથી પસાર થઈ રહેલી એક મહિલા તેમની ઝપેટમાં આવી જતા ગંભીર રીતે ઇજાગ્રસ્ત થઇ હતી. નોટિફાઈડના રહેણાંક વિસ્તારમાં બે આખલાઓ અચાનક જાહેર માર્ગ પર સામસામે આવી જતાં લડવા લાગ્યા હતા. તે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી મહિલા બચવાનો પ્રયાસ કરે તે પહેલાં જ આખલાઓની ઝપેટમાં આવી ગઈ હતી. અકસ્માતમાં મહિલાના બંને હાથમાં ગંભીર ઇજા પહોંચી હતી. આસપાસના લોકોએ તાત્કાલિક મહિલાને બચાવી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી હતી. આ ઘટનાના બે દિવસ અગાઉ પણ આવો જ બનાવ બન્યો હતો. તે ઘટનાના ફૂટેજમાં બે આખલાઓ જાહેર રસ્તા પર એકબીજા સાથે લડી રહ્યા હોવાનું તેમજ રસ્તા પરથી પસાર થતા લોકો અને વાહનચાલકો જીવ બચાવવા માટે દોડધામ કરતા જોવા મળે છે. રખડતા ઢોરોની સમસ્યા લાંબા સમયથી યથાવત્ છે. અનેક વખત રજૂઆતો કરવા છતાં અસરકારક કાર્યવાહી થતી ન હોવાથી લોકોમાં રોષ સાથે ભય પણ ફેલાયો છે. વિદ્યાર્થીઓ, મહિલાઓ, વૃદ્ધોને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

### ઝઘડિયા GIDC નજીક કાર અને ટેમ્પોની ટક્કરમાં વૃદ્ધનું મોત

ભરૂચ,ઝઘડિયા: રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા માર્ગ પર ઝઘડિયા GIDC વિસ્તારના હરિપુરા ગામ નજીક કાર અને ટેમ્પો વચ્ચે જોરદાર અથડામણમાં થતાં એક વૃદ્ધનું મોત નીપજ્યું હતું, ઝઘડિયા GIDC પોલીસના જણાવ્યા મુજબ, મૂળ મહારાષ્ટ્રના પુણે જિલ્લાના અને હાલ અંકલેશ્વર ગાર્ડન સિટીમાં રહેતા વિવેકભાઈ મસિન્દ્રભાઈ ચવાણ તેમના માતા-પિતા સાથે કામ અર્થે મહારાષ્ટ્ર ગયા હતા. તેઓ પોતાની કારમાં અંકલેશ્વર પરત ફરી રહ્યા હતા. નેત્રંગ પાર કરીને હરિપુરા ગામના પાટિયા પાસે પહોંચતા જ સામેથી આવતા ટેમ્પો સાથે તેમની કાર અથડાઈ હતી. જેમાં સવાર વિવેકભાઈ (પુત્ર), નંદાબેન (માતા, ઉ.વ. 65)ને ઈજા પહોંચી હતી જ્યારે મસિન્દ્રભાઈ (પિતા, ઉ.વ. 75)ની હાલત નાજુક હોય વાલિયા સરકારી દવાખાને અને ત્યાંથી અંકલેશ્વરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન મસિન્દ્રભાઈનું મોત થયું હતું. આ ઘટનામાં વિવેકભાઈએ ટેમ્પો ચાલક વિરુદ્ધ ઝઘડિયા GIDC પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

### વ્યારાના કટાસવાણ પાસે દારૂ ભરેલી બુટલેગરની કાર અને ઈકો વચ્ચે અકસ્માત

વ્યારા: તાપી જિલ્લામાં બુટલેગરો બેફામ બન્યાં હોય તેમ વ્યારાથી ઘાટા તરફ જતાં રોડ પર કટાસવાણ પાસે દારૂ ભરેલી બુટલેગરની કારે ઈકો કારને ટક્કર મારતાં ઈકો કાર (નં. GJ 19 BA 1966) સવાર બેને ઈજા પહોંચી હતી. જેઓને સારવાર માટે બારડોલી સરદાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જોકે બંને ઈજાગ્રસ્તોએ સમાધાન કરી લીધું હોય પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. જોકે અકસ્માત દરમિયાન બુટલેગરની કાર (નં. GJ 05 CR 6272)માંથી બુટલેગરની બીજી ગાડી XUV (નં. GJ 05 JD 0025) ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરવાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં પોલીસે બુટલેગરની બંને ગાડીના નંબરના આધારે તપાસ હાથ ધરી આરોપી રાકેશ ઉર્ફે પકો સુમન ગામીત (રહે., ખુશાલપુરા, તા.વ્યારા, જિ.તાપી) અને સૌરભ રાજેશ ગામીત (રહે., ગાલખડી, તા.ઉકાઈ, જિ.તાપી)નું નિવેદન લઈ બંને વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# તંત્ર ઊંઘતું રહ્યું અને ગ્રામજનોએ રસ્તાના ખાડા જાતે જ પૂરી દીધા!

**અંકલેશ્વરના** આંબોલી-બોઈદ્રા માર્ગ પર હાલાકીથી કંટાળી સ્વયં ગ્રામજનોએ રસ્તો રિપેર કરી નાખ્યો



અંકલેશ્વર: 'સરકાર કે તંત્ર કામ કરે કે ન કરે, અમારે તો જીવના જોખમે જ જીવવાનું ને?' - અંકલેશ્વર તાલુકાના આંબોલી અને બોઈદ્રા ગામના લોકોના મનમાં અત્યારે આ સવાલ ઘૂમરાઈ રહ્યો છે. વરસાદી માહોલમાં કડકિયા કોલેજ પાસે આવેલી આમલા ખાડી ઓવરફ્લો થતાં તંત્ર દ્વારા વાહનવ્યવહાર આંબોલી-બોઈદ્રા રોડ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યો હતો. સેંકડો નાના-મોટા વાહનોના ભારે ઘસારાને કારણે ગણતરીના દિવસોમાં જ આ રસ્તો બિસ્માર બની ગયો હતો અને રસ્તા પર મસમોટા ગાબડાં પડી ગયાં હતાં.

રસ્તાની આવી દયનીય સ્થિતિના કારણે દરરોજ પસાર થતા વિદ્યાર્થીઓ, વયોવૃદ્ધો અને ખાસ કરીને ગર્ભવતીઓ માટે મોડી રાત્રે પણ મુસાફરી કરવી જીવના જોખમ સમાન બની ગઈ હતી.

સ્થાનિક સરપંચ અને ગ્રામજનો દ્વારા આ માર્ગની જવાબદારી સંભાળતી ONGC કંપની સહિત સંબંધિત તંત્રને વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. છતાં પણ જવાબદારોના પેટનું પાણી સુદ્ધાં હલ્યું નહીં. શું ગામડાના લોકોના જીવની કોઈ કિંમત જ નથી? એવો રોષ ગ્રામજનોમાં વ્યાપી ગયો હતો.

તંત્ર દ્વારા હર હંમેશાં શહેરી વિસ્તારોની સુવિધાઓ પર તુરંત ધ્યાન આપવામાં આવે છે, જ્યારે ગ્રામીણ વિ સ્તારોની હાલાકીને સરેઆમ નજરઅંદાજ કરવામાં આવે છે. તંત્રની આ નીતિ સામે ગ્રામજનોમાં ભારે તર્ક-વિતર્ક અને આક્રોશ જોવા મળી રહ્યો છે.

અંતે, તંત્ર કે ONGC કોઈ વહારે ન આવતાં અપના હાથ જગન્નાથનું સૂત્ર સાર્થક કરીને આંબોલી-બોઈદ્રાના સરપંચ અને સ્થાનિક ગ્રામજનોએ જાતે જ પાવડા હાથમાં લીધા હતા. સ્વ ખર્ચે ટ્રેક્ટરોમાં મેટલ (કંકર-પથ્થર) મંગાવીને સ્વયં ખર્ચે રસ્તાના ખાડા પૂરવાનું કામ શરૂ કર્યું હતું.

શું અંકલેશ્વર તાલુકા પંચાયતના પ્રમુખ, હોદ્દેદારો તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ અને શાસકો આ બાબતે કોઈ નક્કર પગલાં ભરીને કાયમી ઉકેલ લાવશે? સ્થાનિક ધારાસભ્ય અને મંત્રી ઈશ્વરસિંહ આ અંગે ઘટતું કરે એવી પણ લોકમાંગ ઉઠવા પામી હતી.

# કોંઢ ગામે નિવૃત્ત તલાટી પર પડોશીનો પથ્થરથી હુમલો

**'તું અમને** છાણ કાઢવાની કેમ ના પાડે છે?' કહી બે પડોશી તૂટી પડ્યા, હત્યાની ધમકી પણ આપી

ભરૂચ: વાલિયાના કોંઢ ગામના કુંભાર ફળિયામાં વાડાની દીવાલ પાસે પશુઓનું છાણ પાણી નાંખીને નિકાલ કરવા જેવી નજીવી બાબતે નિવૃત્ત તલાટીને બે જણાએ માર મારતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

વાલિયાના કોંઢ ગામના કુંભાર ફળિયામાં રહેતા અંબુભાઈ ઘેલાભાઈ પ્રજાપતિ (ઉ.વ.૬૪) ગ્રામ પંચાયત તલાટીની નોકરીમાંથી નિવૃત્ત થઈ પરિવાર સાથે જીવન ગુજારે છે. તેઓ પોતાના ઘરના વાડાની ફરતે દીવાલ બનાવવાનું કામ કરાવી રહ્યા હતા. સાંજના સમયે મજૂરો ગયા બાદ અંબુભાઈ વાડામાં સામાન જોવા માટે ગયા હતા. તે સમયે તેમની દીવાલમાં પાડેલા બકારામાંથી પડોશી મહેશભાઈ વસાવા પાણી નાંખી પશુઓનું છાણ તેમના વાડામાં નિકાલ કરાવતા નજરે પડ્યા હતા. અંબુભાઈએ તેમને આ બાબતે રોકતાં જ મહેશભાઈ ઘરમાં કહેવા ગયા હતા.

જેથી ઉશ્કેરાયેલા પુનિયાભાઈ વસાવા તુરંત જ વાડામાં ધસી આવ્યા હતા. અને તું અમને છાણ કાઢવાની કેમ ના પાડે છે? એમ કહી ઝઘડો કર્યો હતો. અંબુભાઈ આ સમગ્ર ઘટનાનું પોતાના મોબાઈલ ફોનમાં રેકોર્ડિંગ કરવા જતાં ગુસ્સે ભરાયેલા પુનિયાભાઈએ નજીકથી પથ્થર વડે હુમલો કરી અંબુભાઈને છાતીના ભાગે તેમજ જમણા હાથની કોણી આગળ ગંભીર ઈજા પહોંચાડી હતી. આ સાથે જ બંને આરોપીએ ગાળાગાળી કરી હવે પછી આ બાબતે બોલશે તો જાનથી મારી નાંખીશું એવી ધમકી આપી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. આ ઘટના અંગે નિવૃત્ત તલાટી અંબુભાઈ પ્રજાપતિની ફરિયાદના આધારે વાલિયા પોલીસ સ્ટેશનમાં પુનિયાભાઈ વસાવા અને મહેશભાઈ વસાવા સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

# યોગીરાજ રંગ અવધૂત મહારાજની બાયોપિકનું ટીઝર રિલીઝ થશે

**ગુરુપૂર્ણિમાના** દિવસે મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોને લાભ મળશે

બારડોલી: મહાન સંત અને દત્ત ઉપાસક રંગ અવધૂત મહારાજના દિવ્ય જીવનચરિત્ર પર આધારિત બાયોપિક ફિલ્મ 'યોગીરાજ રંગ અવધૂત'નું નિર્માણ થઈ રહ્યું છે. આગામી ૨૯ જુલાઈના રોજ ગુરુપૂર્ણિમાના અવસરે નારેશ્વર ધામ ખાતે આ ફિલ્મનું ટીઝર લોન્ચ કરવામાં આવશે. નારેશ્વર મંદિર ટ્રસ્ટ અને ફિલ્મ નિર્માતાઓના સંયુક્ત ઉપક્રમે ભક્તો માટે આયોજન કરવામાં આવ્યું છે. નારેશ્વર ટ્રસ્ટના ટ્રસ્ટી યોગેશ વ્યાસે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગુરુપૂર્ણિમાના દિવસે દર્શનાર્થે આવતા તમામ શ્રદ્ધાળુઓ માટે મંદિરના હોલમાં સ્ક્રીન મૂકવામાં આવશે. સવારે ૭થી સાંજે ૬ વાગ્યા દરમિયાન ૨ મિનિટનું આ ખાસ ટીઝર સતત દર્શાવવામાં આવશે. આ બાયોપિકમાં બાપજીના ગોધરા ખાતેના બાળપણથી લઈને તેમની અભ્યાસ યાત્રા અને દેશની આઝાદીની ચળવળમાં આપેલા યોગદાનને આવરી લેવાયું છે. આ ઉપરાંત નર્મદા કિનારે નારેશ્વર ધામની પવિત્ર ભૂમિ પર તેમણે કરેલી કઠોર તપસ્યા, 'દત્ત બાવની'ની રચના અને આધ્યાત્મિક સાહિત્યના નિર્માણની ગાથા સિનેમાના પડદા પર જીવંત કરાશે.

### અંકલેશ્વરની મન્નત સોસાયટીમાં બ્લેક ઈબીસ પક્ષીનું રેસ્ક્યુ



અંકલેશ્વર: મન્નત સોસાયટીમાં એક મકાનના ધાબા પર આવેલી ઊંડી કુંડીમાં બ્લેક ઈબીસ પક્ષી બે દિવસથી ફસાઈ જતા તે બહાર નીકળી શકતું ન હતું. સ્થાનિક રહીશોએ આ અંગે એનિમલ લવર્સ ગૃપને જાણ કરતાં ગ્રુપના કૌશિક પટેલ અને ફૈઝાન તાજભાઈ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. એનિમલ લવર્સ અને ફાયર વિભાગની ટીમે ઊંડી કુંડીમાંથી બ્લેક ઈબીસ પક્ષીને સલામત રીતે બહાર કાઢી તેનું રેસ્ક્યુ કર્યું હતું.

# સોનગઢમાં 4.92 ગ્રામ ડ્રગ્સ સાથે એક ઝડપાયો

**એસઓજી** પોલીસે રૂ.39,760ની મતા કબજે કરી ભુસાવલના શખ્સને વોન્ટેડ જાહેર કર્યો



સોનગઢ: સોનગઢ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં એસઓજી પોલીસે મોટરસાઈકલ ચાલકને 4.92 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. સોનાનગર હુડકો સોસાયટી તરફ જતાં રસ્તા પર પોલીસની તપાસ દરમિયાન સચીન ભિખા ભોઈ (રહે., ઉકાઈ, મૂળ નંદુરબાર) શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે તેની બાઈક (નંબર વગરની બજાજ ડિસ્કવર)ની તલાશી લેતાં સીટની નીચેથી પ્લાસ્ટીકની ઝીપ બેગમાંથી ૪.૯૨ ગ્રામ મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ મળી આવ્યું હતું. ઝપ્ત કરાયેલા ડ્રગ્સની કિંમત રૂ.૧૪,૭૬૦ તેમજ બે મોબાઈલ ફોન અને મોટરસાઈકલ મળી કુલ રૂ.૩૯,૭૬૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં આ ડ્રગ્સ મહારાષ્ટ્રના ભુસાવલ ખાતે રહેતા પરવેઝ શેખ નામના શખ્સે પુરૂ પાડ્યું હોવાનું ખૂલ્યું છે. પોલીસે પકડાયેલા આરોપી અને વોન્ટેડ પરવેઝ શેખ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Dhamaal 4
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:30pm
Layak Nalayakk-Gujarati
05:30pm
Jan Neta
11:00am, 02:30pm, 06:00pm, 09:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333